# Joint Press Release of the 6th round of Senior Commanders' Meeting between India and China

September 22, 2020

# ભારત અને ચીન વચ્ચે સીનિયર કમાન્ડરોની બેઠકનાં 6ઠ્ઠા રાઉન્ડનું સંયુક્ત પ્રેસ રીલીઝ

સપ્ટેમ્બર 22, 2020

21 સપ્ટેમ્બરનાં રોજ, ભારત અને ચીનનાં સીનિયર કમાન્ડરોએ મિલિટ્રી કમાન્ડર-સ્તરની બેઠકનો 6ઠ્ઠો રાઉન્ડ યોજ્યો હતો. બન્ને પક્ષોએ ભારત - ચીન સીમા ક્ષેત્રોમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર પરિસ્થિતિ સ્થિર કરવા પર દ્રષ્ટિકોણોનું નિખાલસ અને ગહન આદાન-પ્રદાન કર્યું હતું. તેઓ બન્ને દેશોનાં નેતાઓ વચ્ચે થયેલી મહત્વની સમજૂતિનું નિષ્ઠાપૂર્વક અમલીકરણ કરવા, જમીન પર સંચાર વધારે પ્રબળ બનાવવા, ગેરસમજણો અને ખોટા નિર્ણયો ટાળવા, અગ્ર રેખા પર વધારે સૈનિકો મોકલવાનું બંધ કરવા, જમીન પર એકપક્ષીય રીતે પરિસ્થિતિ બદલવાથી દૂર રહેવા, અને પરિસ્થિતિ જટિલ બનાવી શકે તેવી કોઈપણ કાર્યવાહીઓ કરવાનું ટાળવા પર સંમત થયા હતા. બન્ને પક્ષો સંભવિત રીતે વહેલા મિલિટ્રી કમાન્ડર-સ્તરની બેઠકનાં 7માં રાઉન્ડને યોજવા, જમીન પર યોગ્ય રીતે સમસ્યાઓનું નિરાકરણ લાવવા વ્યવહારું પગલાઓ લેવા, અને સીમા ક્ષેત્રોમાં શાંતિ અને સુલેહ સંયુક્ત રીતે સુરક્ષિત કરવા માટે પણ સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 22, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.